જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૭/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૦૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫૨ કેસ કરી, ૧૪૧ વ્યક્તિઓને ઝડપી, ૬૬૮ લીટર દેશી દારૂ, ૧૨૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩૫ બિયર ટીન, ૦૪ સ્કુટર અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૮૫,૩૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૦૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૦૦૩/૨૦૨૫**

બાપુનગરઃ તરૂણભાઇ શાન્તીલાલ ગાદોયા (ઉ.વ.૬૫) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ જય અંબે બેકરી સામેની ગલી ભીડભંજન મંદિર નજીક બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૫ સવારના ૪/૦૦ થી ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૭૦,૫૦૦/– તથા રાખડીના ગોલ્ડન છેડીયા કિમત રૂપિયા ૩૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૭૮,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૭૮,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એચ.ચૌધરી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૦૦૪/૨૦૨૫**

રામોલઃ જયશ્રી વા/ઓ ચન્દ્રકાન્ત સિંદે (ઉ.વ.૫૩) (રહે. રાધેકૃષ્ણ હેરેટાઇઝ રીલાયન્સ પેટ્રોલ પંપ પાછળ વસ્ત્રાલ રામોલ) તા.૧૪/૦૭/૨૦૨૫ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે રામોલ સીટીએમ એક્ષપ્રેસ હાઈ–વે સામે ના ભાગેથી શટલ ઓટો રિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રીક્ષામાં બેસેલ બીજા ત્રણ પુરૂષોએ જયશ્રી સિંદેની નજર ચુકવી પર્સમાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૯૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ જયશ્રી સિંદેએ તા.૨૦/૦૭/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી હીરેન્દ્રસિંહ અનોપસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૦૫/૨૦૨૫**

ખોખરાઃ સંદિપ સ/ઓ સાહેબરાવ બિરહાડે (ઉ.વ.૩૫) (રહે. પંજાબી તાળાવાળાની ચાલી ભાઈપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જી.ભુવા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી